# શહેરમાં દબાણ અને પાર્કીંગની ઝૂંબેશમાં પક્ષપાતની ફરિયાદ

**સેક્ટર-૨૧ના વિશાળ શોપીંગોમાં કોટયાર્ડના દબાણો ઉપરાંત સેક્ટરોનાં સરકારી-ખાનગી શોપીંગ સેન્ટરોના દબાણોને છાવરવામાં આવે છે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં ગેરકાયદેસર દબાણો અને પાર્કીંગ સામે શોપીંગ સેન્ટરોમાં કોટયાર્ડમાં ઉભા થયેલ પાકાં બાંધકામ અને શેડ સહિતના દબાણો સામે તંત્ર દ્વારા અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરોમાં સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું





છે. જેમાં વાણિજય સંકુલો, રહેણાંકોથી લઈ જાહેર સ્થળો, રસ્તાઓ પરથી કાચા-પાકા દબાણો દૂર કરે રસ્તા ઉપર પાર્કીંગની સમસ્યા બાબતે પોલીસ સહિત અન્ય વિભાગો દ્વારા ખૂબ જ કડક પગલાં લેવાઈ રહ્યા છે. પરંતુ ગાંધીનગરમાં માત્ર અમુક જ વિસ્તારોને નિશાન બનાવી, અન્ય વિસ્તારોમાં કોટયાર્ડ સહિતના પાકાં દબાણો અને આડેધડ પાર્કીંગ સામે કોઈ પગલાં લેવામાં ન આવતાં તંત્રની કામગીરી પક્ષપાતી હોવાની શંકા સાથે આ મુદ્દો શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. માત્ર ખાનગી સંકુલો સામે કડકાઈ દાખવી સેક્ટર-૨૧ ડીસ્ટ્રીક્ટ, વિશ્વકર્મા સોપીંગ, સેક્ટર-૧૬, બેંક રોડ, સેક્ટર-૨૨, સેક્ટર-૨૯ અને સેક્ટર-૨૪ ઉપરાંત ઘણાં સ્થળોએ કોટયાર્ડમાં તેમજ સરકારી જમીનો પર દબાણ કરી, પાર્કીંગની સમસ્યામાં પણ વધારો કરતાં સરકારી સંકુલો, શોપીંગ સેન્ટર પ્રત્યે તંત્ર રહેમ નજર રાખી કોઈ કાર્યવાહી ન કરતાં અન્ય વેપારીઓ અને નાગરિકોમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

સંબંધિત તમામ વિભાગો દ્વારા છેલ્લાં કેટલાક દિવસોથી કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશમાં માત્ર લારી ગલ્લા અને કાચા દબાણોને જ નિશાન બનાવી સેક્ટર-૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ, વિશ્વકર્મા શોપીંગ તેમજ સેક્ટરોના સરકારી દ્વારા આંખ આડા કાન ધરી કોઈ કાર્યવાહી ન થતાં વેપારીઆલમ અને નાગરિકોમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે.

રાજયના શહેરોમાં દબાણો અને પાર્કીંગ મુદ્દે હાઈકોર્ટના સ્પષ્ટ આદેશ બાદ ઉચ્ચસ્તરેથી આ બાબતને ગંભીરતાથી લઈ સરકાર

# રવિવારની વહેલી સવારે શહેરમાં હાફ મેરેથોન યોજાઈ

**તમામ વયના ૧૮૦૦થી વધુ દોડવીરો જોડાયાં : વિવિધ દિવ્યાંગતા ધરાવતા ૧૨૬ દિવ્યાંગોએ પણ મેરેથોનમાં ભાગ લીધો : વિદેશી દોડવીરોને જોઈ નાગરિકો અચંબિત**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં આજે વહેલી સવારે ઘ-૫ સર્કલે ઓપન થિયેટર ખાતે મોટી સંખ્યામાં દોડવીરો ઉમટી પડ્યાં હતાં. જ્યાંથી રોટરેક્ટ ક્લબ દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આયોજિત ૮ કિમી હાફ મેરેથોનમાં બાળકો, મહિલાઓથી માંડીને તમામ વયના અંદાજે ૧૮૦૦થી વધુ દોડવીરો ઉમટી પડ્યા હતા. જેના કારણે શહેરના માર્ગો પર નયનરમ્ય દશ્યો સર્જાયા હતા. આ હાફ મેરેથોન ઘ-૫થી શરૂ થઈ ઘ-૪ સર્કલ થઈને મહાત્મા



સહયોગથી આયોજિત હાફ મેરેથોનનો પ્રારંભ થયો હતો. હાફ મેરેથોનનો રાજ્ય સરકારના એડિશનલ ચીફ સેક્રેટરી ડી. એન. પાંડે, સીઆરપીએફના ડીઆઈજી એ. એમ. યાદવ તેમજ ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલે ફલેગ ઓફ કરી પ્રારંભ કરાવ્યો હતો. હાફ મેરેથોનમાં અમદાવાદથી આવેલા ૧૨૬ દિવ્યાંગો પણ જોડાયા હતા.

આજે આંતરરાષ્ટ્રીય યુવા દિવસ પ્રસંગે મંદિર, ખ-૫ સર્કલ, ગ-૫ સર્કલ વગેરે થઈને ઘ-૫ ઓપન થિયેટર પરત ફરી હતી. માર્ગમાં ૧૫૦થી વધુ યુવા સ્વયંસેવકોએ દોડવીરોને જરૂરી સુવિધા તેમજ વ્યવસ્થા પૂરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હાફ મેરેથોનમાં કેટલાક વિદેશી દોડવીરો પણ જોડાયાં હતા, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. હાફ મેરેથોનના આયોજનનો હેતુ નગરજનોને તંદુરસ્તીનું મહત્ત્વ સમજાવવા સાથે પર્યાવરણની જાળવણી માટે જાગૃત કરવાનો હતો.

## એલડીઆરપીના ક્લાઉનીંગ ગૃપે આકર્ષણ જમાવ્યું

હાફ મેરેથોનના માર્ગમાં ગ-૫ સરકલ પાસે એલડીઆરપી કૉલેજના ક્લાઉનીંગ ગૃપ દ્વારા વિવિધ જોકરની વેશભૂષામાં યુવા વિદ્યાર્થીઓએ દોડવીરોનું મનોરંજન કર્યું હતું. આ યુવાનોની મસ્તીથી દોડવીરોમાં ઉત્સાહનો સંચાર થતો જોવા મળ્યો હતો અને દોડવીરો ઉપરાંત આયોજકોએ પણ તેમની સેવાને બિરદાવી હતી.

## સે-૨૧ ઓમકાર પાર્લર ખાતે સ્વાતંત્ર પર્વની કરાશે

**દર વર્ષની જેમ નગરજનોને જલેબી ખવડાવવામાં આવશે**

ગાંધીનગર, તા.૧૨

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરની દેશપ્રેમી જનતા માટે ૧૫ મી ઓગસ્ટ ના રોજ સ્વાતંત્ર દિવસની ઉજવણીનો કાર્યક્રમ ઓમકાર પાન પાર્લર ખાતે રાજશ્રી સિનેમાની બાજુમાં સેકટર-૨૧ ખાતે રાખવામાં આવેલ છે.

ઓમકાર પાન પાર્લરના માલિક ઓમકારસિંહ ઠાકુર દ્વારા સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે. ત્યારે આ પ્રસંગે સૌ નગરજનોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ ઓમકાર પાન પરિવાર દ્વારા પાઠવવામાં આવ્યું છે. જયારે સ્વાતંત્ર દિવસે ધ્વજવંદનની સાથે ઓરકેસ્ટ્રા પાર્ટી દ્વારા દેશભકિતના ગીતોનું રસપાન દિવસભર ગાંધીનગરની જનતાને કરવામાં આવશે.

દર વર્ષની જેમ જ શહેરની દેશપ્રેમી નાગરીકોને ચોખ્ખા ઘી ની જલેબી ખવડાવી સ્વાતંત્ર દિવસની શુભેચ્છા પાઠવવામાં આવશે. ઉપરાંત આ વર્ષે પણ રકતદાનનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સ્વાતંત્ર દિને જરુરીયાત મંદ નાગરીકોને રકત મળી રહે તે માટે વધુમાં વધુ રકતદાન કરવામાં આવે તે માટે તમામ નગરજનોને રકતદાન કરવા માટે ઓમકાર પાન પાર્લર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

# વિક્રમ સારાભાઈ જન્મ જયંતિ અંતર્ગત બાલ વૈજ્ઞાનિકોની સંસદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત કાઉન્સિલ ઓન




સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે ભારતના પનોતા પુત્ર અને અવકાશ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની ૧૨મી ઓગષ્ટે જન્મ જયંતિ અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે.

આ વર્ષે વિક્રમ સારાભાઈની જન્મ જયંતિ અલગ રીતે યોજાઈ હતી. ધોરણ ૫ થી ૧૦ના જુદી જુદી શાળાના બાળકો જુદા જુદા વૈજ્ઞાનિકોના પહેરવેશ સાથે આવ્યા હતા અને વૈજ્ઞાનિકોની સંસદમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડૉ. વિક્રમ સારાભાઈ, અબ્દુલ કલામ, સ્ટીફન હોકીન્સ, હોમીભાભા, કલ્પના ચાવલા, સુનીતા વિલયમ્સ, થોમસ આલ્વા એડીશન, આઈન્સ્ટાઈન, જેવા ૪૮ જેટલા વૈજ્ઞાનિકોના પહેરવેશ સાથે વિદ્યાર્થીઓ આવ્યા અને વિજ્ઞાન સંસદમાં તેમનો પરિચય અને વિજ્ઞાનક્ષેત્રે તેમને કરેલી કામગીરી વિષે સંસદમાં રજૂઆત કરી હતી. આ અનોખા કાર્યક્રમને



જોવા માટે અને વિશેષમાં આ દિવસે વિજ્ઞાન સંસદને સાંભળવા બી.એ.પી.એસ. ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ તેમના શિક્ષક તથા બી.એ.પી.એસ. ગર્લ્સ સ્કૂલના નિયામક નીતા શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા અને નિર્ણાયક તરીકે જાણીતા નાટ્યકાર, પત્રકાર એવા કુંતલભાઈ નિમાવત હાજર રહ્યા હતા.

ગાંધીનગરની જુદી જુદી પ્રાથમિક માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. નીતાબેન શાહે તેમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને નાના-મોટા પ્રયોગો કરીને સંસોધન વૃત્તિ વિકસાવવાની વાત કરી હતી. ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને જુદા જુદા વૈજ્ઞાનિકોએ કરેલ શોધો અને નોબલ પ્રાઈઝ વિષે વાત કરી હતી અને ડૉ. વિક્રમ સારાભાઈના જીવન અને તેમને કરેલી શોધો વિષે તેમજ તેમણે ગુજરાતમાં સ્થાપેલી વિવિધ સંસ્થાઓ જેવી કે પિ.આર.એલ., વિક્રમ સારાભાઈ સાયન્સ સેન્ટર, વિકસત, અટીરા વિષે માહિતી આપી હતી.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનાર જે.બી. પટેલ પ્રા. શાળાનો વિદ્યાર્થી પ્રીયાંશુ બી. પનારા જેઓએ જોન લુઈસ ગીલેનો રોલ ભજવ્યો હતો, બીજા ક્રમાંકે આવનાર સ્વામીનારાયણ વિદ્યા મંદિર, રાંદેશણની વિદ્યાર્થીની ખુશી જેસની જેઓએ શ્રીનિવાસ રામાનુજનનો રોલ ભજવ્યો હતો. તેમજ ત્રીજા ક્રમાંકે આવનાર એમ.બી. પટેલ કન્યા શાળા, સે. ૨૩ની વિદ્યાર્થીની દૃષ્ટિ જયસ્વાલ જેઓએ કલ્પના ચાવલાનો રોલ ભજવ્યો હતો. વેશ પરિધાનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા બેસ્ટ રજૂઆત કરનાર ત્રણ વૈજ્ઞાનિકોને ૫૦૦, ૩૦૦, ૨૦૦ રૂ. રોકડ ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

## જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની વાર્ષિક સાધારણ સભાનું આયોજન

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની વાર્ષિક સાધારણ સામાન્ય સભા આગામી તા. ૨૧મી ઓગસ્ટ શુક્રવારના રોજ સેક્ટર-૧૧માં સહયોગ સંકુલ ખાતે બી-વીંગમાં પ્રથમ માળે સવારે ૧૧ કલાકે યોજાશે. આ વાર્ષિક સાધારણ સભામાં સ્કાઉટ ગાઈડ સંઘની પ્રવૃત્તિઓનો અહેવાલ તથા આગામી આયોજન અંગે જાણકારી આપવા સાથે ગત વાર્ષિક સામાન્ય સભાના અહેવાલને વંચાણે લેવાશે. આ ઉપરાંત ગત વર્ષના હિસાબો રજૂ કરવામાં આવશે. આ વાર્ષિક સાધારણ સભામાં જે શાળામાં સ્કાઉટ ગાઈડ સંઘ ચલાવાય છે તેના આચાર્ય, પ્રવૃત્તિ ચલાવતા શિક્ષક ઉપરાંત સ્કાઉટ ગાઈડમાં રસ ધરાવતા શિક્ષકોને પણ ઉપસ્થિત રહેવા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગુજરાતમાં ભર ચોમાસામાં પણ ૨૦ તાલુકામાં ટેન્કરોથી પાણી અપાય છે !

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં ચોમાસું હોવા છતાં ઓછા વરસાદને કારણે ઘણી જગ્યાએ પીવાના પાણીની અછત વર્તાઈ રહી છે. હજીયે ઓછા વરસાદ વાળા કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીના ટેક્રરો દોડી રહ્યા છે. રાજ્યના ૭ જિલ્લાના ૨૦ તાલુકાના ૫૬ ગામો તથા ૩૬ પરાં મળીને ૯૨ ગામ-પરામાં ૬૪ ટેક્રરોના કુલ ૨૩૪ ફેરા કરીને પીવાનું પાણી પહોચતું થઈ રહ્યું છે. રાજ્યમાં ૨૪મી જૂને ઉનાળાની સિઝનના સૌથી વધુ ૪૭૮ ટોક્રરોના ૧,૯૭૮ ફેરા દ્વારા ૭૨ તાલુકાના ૧,૦૩૭ ગામ-પરામાં પીવાનું પાણી અપાયું હતું, તેની તુલનામાં અત્યારે ઘણી હળવી સ્થિતિ છે.

# મુસાફરે ઓનલાઈન ટિકિટ બુક કરાવી, બસ ત્રણ મહિનાથી બંધ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત સરકારના તમામ વિભાગો હાઈટેક બની ગયા છે. ઈન્ટરનેટના સહારે તમામ માહિતી ક્ષણભરમાં નાગરીકો મેળવી શકે છે. ત્યારે રાજય સરકારના ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા પણ ઓનલાઈન ટીકીટ મુસાફરો માટે શરુ કરવામાં આવી છે. નિગમની વેબ સાઈટ પરથી મુસાફરો સરળતાથી ટીકીટ બુક કરાવી શકે છે, પરંતુ આ સિસ્ટમમાં છબરડા હોવાથી તેમજ વેબસાઈટ સાઈટ પર બસના રુટ કોઈ અપડેટ કરતુ ન હોવાથી મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે તાજેતરમાં જ શહેરના એક મુસાફરે ઈ ટીકીટ બુક કરાવી હતી. મુસાફર મુસાફરી કરવા ગયા ત્યારે ખબર પડી કે આ બસ બંધ થયાને ત્રણ માસ થઈ ગયા છે. જેથી પોતાના વતનમાં મુસાફર પ્રસંગમાં હાજરી આપી શકયા નહી, જેથી મુસાફરમાં રોષ ભભુકી ઉઠયો હતો. પરંતુ તે સમયે મુસાફરની હાલત જાયે તો જાયે કહા જેવી થવા પામી હતી.

ડીઝીટલ યુગ ચાલી રહ્યો છે, જેમાં નાગરીકો વધુમાં વધુ ઓનલાઈન સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે. રાજય સરકાર તમામ નાગરીકો ઈન્ટરનેટના માધ્યમથી



આંગળીના ટેરવે માહિતી મેળવતા થઈ જાય તે માટે પ્રયત્નશીલ છે. અનો તમામ ચીજવસ્તુઓને ઓનલાઈનથી કનેકટ કરવામાં આવી રહી છે. તો પછી એસટી નિગમ કેમ પાછળ રહે, જીએસઆરટીસી દ્વારા મુસાફરોને ઓનલાઈન ટીકીટ મળી રહે અને સરળતા રહે તે માટે ઓનલાઈન સીસ્ટમ કાર્યરત કરી છે. પરંતુ ઘણી વખત આ સીસ્ટમનું અપડેટ ન થતા મુસાફરોને પણ હેરાન-પરેશાન થવું પડે છે. ત્યારે ઓનલાઈન સીસ્ટમમાં છબરડાનો ભોગ મુસાફર બનતા પોતાના ઘરે પ્રસંગમાં હાજરી આપી શકયા નહીં. ગાંધીનગરના એક મુસાફરે સોનગઢ જવા માટે ઓનલાઈન બુકીંગ કરાવ્યું હતું. અને રૂપીયા પણ ઓનલાઈન જમા કરાવ્યા હતા. વિસનગર-સોનગઢ બસ સાંજે ૬.૩૦ કલાકે ગાંધીનગર એસટી ડેપો આવે છે. પરંતુ મુસાફર ૬.૧૫ પહોંચી ગયા હતા,

● અનુસંધાન પાના ૭ પર

# કોંગ્રેસની સોચથી ભાજપ પાંચ વર્ષ આગળ છે; ૨૦૧૯ બાકી છે પણ ૨૦૨૪ની તૈયારી છે!

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

રાજકારણ પણ અજીબ છે. ટેકનોલોજી બદલાય છે તેમ દુનિયા બદલાય છે. રાજકારણ પણ બદલાયું છે. ભારતીય રાજનીતિમાં જ્યારથી નરેન્દ્ર મોદીનો જન્મ થયો છે ત્યારથી કોંગ્રેસના માથે મુસિબતના પહાડ તૂટી પડ્યાં છે. કોંગ્રેસે જ્યાં વિક્રમ સર્જ્યા હતા ત્યાં આજે ભાજપ તેના વિક્રમો તોડી રહ્યું છે. ૨૦૦૧માં ગુજરાતમાંથી શરૂ થયેલો નરેન્દ્ર મોદીનો કરિશ્મા ૨૦૧૮માં પણ જળવાઈ રહ્યો છે. ૧૭ વર્ષના શાસને ૭૦ વર્ષના શાસનને ડોલાવી દીધું છે. મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ કોંગ્રેસની યુપીએ સરકારની નજર મોદીના ભાષણોમાં સ્થિર થયેલી હતી. કેન્દ્રની સંસ્થાઓને મોદીને ગુજરાતમાં રોકવા માટેના ધમપછાડા કરવામાં આવ્યા છતાં મોદીનો વિજયરથ આગળ વધતો રહ્યો છે. કોંગ્રેસે હજી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરી નથી ત્યાં તો નરેન્દ્ર મોદી અને અમિત શાહે ૨૦૨૪ની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ બન્ને નેતાઓ તેમના પ્રવચનોમાં ૨૦૨૪ના ડેવલપમેન્ટની વાતો કરી રહ્યાં છે. ગુજરાત કોગ્રેસના એક સિનિયર નેતાએ સાચુ જ કહ્યું છે કે-- અમારી કોંગ્રેસની સોચ થી મોદીની સોચ પાંચ વર્ષ આગળ છે. કોંગ્રેસમાં વડાપ્રધાન પદના ઉમેદવાર નક્કી ન હતા ત્યારે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં બેઠાં બેઠાં ૨૦૦૯માં લોકસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી હતી.

**નકલી ડ્રેસ સામે પોલીસે ઝૂંબેશ શરૂ કરવી જોઇએ...**

ફિલ્મોમાં આપણે જોઈએ છીએ કે નકલી પોલીસ જ અસલી પોલીસને છેતરતી હોય છે. અમિતાભ બચ્ચન અને ગોવિંદાની એક ફિલ્મમાં નકલી પોલીસ અસલી પોલીસને જેલમાં નંખાવી દે છે. એક કોમેડી ફિલ્મમાં અસલી પોલીસ સ્ટેશન પર ચાલતા નશીલા પદાર્થોના વ્યવસાય ઉપર નકલી પોલીસ રેડ પાડીને જથ્થો લઈ જાય છે. અક્ષયકુમાર અભિનિત એક ફિલ્મમાં નકલી સીબીઆઈ દરોડા પાડે છે અને અસલી સીબીઆઈ હાથ ઘસતી રહી જાય છે. ગુજરાતમા નકલી પોલીસની માત્રામાં વધારો થયો છે. આપણે ત્યાં જ એવી છૂટ આપવામાં આવી છે કે આર્મી અને પોલીસના ડ્રેસકોર્ડની નકલ થાય છે. સામાન્ય લોકો બિન્દાસ ઉપયોગ કરે છે પરંતુ તે તદ્દન ગેરકાયદે અને લોકોને ભરમાવા જેવું છે. સરકાર કે પોલીસ તેની સામે કોઈ કાર્યવાહી કરી શકતું નથી પરિણામે નકલી પોલીસના સ્વાંગમાં રાહદારી તેમજ વાહન ચાલકો લૂંટાય છે. સૌથી વધુ નકલી પોલીસ અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગરમાંથી પકડાઈ છે. પોલીસનો ડ્રેસ પહેરીને નકલી આઈકાર્ડ વસાવીને લોકોનો લૂંટી લેતી નકલી પોલીસ જેલમાંથી છૂટીને પાછી એ જ લૂંટારૂં ટોળીમાં સામેલ થઈ જાય છે. આપણે તેમનું કંઈ ઉખાડી શકતા નથી. એક રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ગયા વર્ષે નકલી પોલીસના ૭૫ કિસ્સા સામે આવ્યા છે જે અચરજ પમાડે તેવા છે.

**શરાબ પીવા ગુજરાતની બહાર જાવ છો, પરંતુ પાછા આવો ત્યારે જરા સંભાળજો**

**હેલ્મેટ-સીટબેલ્ટ સાથે ટ્રાફિકના અનેક ગુનાઓ છે...**

હેલ્મેટ અને સીટબેલ્ટ વિના વાહન ચલાવતા લોકો સામે પોલીસ ભૂખ્યા વરૂની જેમ તૂટી પડે છે પરંતુ હવામાં ડીઝલનો ઝેરી કચરો છોડતા વાહનો, નંબર પ્લેટ વિનાના વાહનો અને કાળા કાચની ફિલ્મ લગાવીને ગેરકાયદે હેરાફેરી કરતા વાહનચાલકો ટ્રાફિક અને પોલીસને દેખાતા નથી. હકીકતમાં આ પ્રકારના વાહનો પણ જોખમથી ભરેલા છે. ટુ-વ્હિલર્સને હેલ્મેટ નહીં પહેરવા બદલ કે સીટબેલ્ટ નહીં બાંધેલા કાર ચાલકને પાવતી ફાડીને દંડ વસૂલ કરાય છે અથવા તો ઈ-મેમો આપવામાં આવે છે પરંતુ કાળા કાચની ફિલ્મ ધરાવતી કાર, નંબરપ્લેટ વિનાની કાર અને કાળો ધુમાડો કાઢતા વાહનો પોલીસની નજરમાં તો ઠીક માર્ગો પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થતાં નથી. ટ્રાફિક નિયમનનું પાલન કરવામાં આવે તો તમામ પાસાનું ટ્રાફિક પોલીસે ધ્યાન રાખવાનું હોય છે. માર્ગ પર ઉભેલા ટ્રાફિકમેનનું કામ માત્ર કાળા ધુમાડા પીવાનું નથી. હવે તો સીસીટીવીમાં વાહનો કેદ થાય છે ત્યારે મુંબઈની જેમ ટ્રાફિકના કોઈપણ પ્રકારના ભંગ બદલ વાહનચાલકનું લાયસન્સ જપ્તિ સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. આવા ગુનાઓ કરનારા તમામ વાહનચાલકોનું લાયસન્સ જપ્ત કરી લેવામાં આવશે તો આવી ઘટનાઓ આપોઆપ નિયંત્રણમાં આવી જશે. આશ્ચર્ય એ છે કે ટ્રાફિક પોલીસ વાહનચાલકને એક કે બે નહીં ટ્રાફિક ભંગના ૨૫થી વધુ ગુનામાં પકડી શકે છે પરંતુ મેનપાવરની અછત છે...

**કોંગ્રેસ પાસે હવે માત્ર ગુમાવવાનું જ બાકી રહ્યું છે...**

કોંગ્રેસે પહેલાં ૨૦૧૪માં કેન્દ્રની સરકાર ગુમાવી દીધી છે. લોકસભામાં વિપક્ષનું પદ ગુમાવ્યું છે પછી મોદી સામે વિપક્ષોની અવિશ્વાસની દરખાસ્તનો રકાસ થયો, હવે રાજ્યસભામાં ઉપાધ્યક્ષનું પદ પણ ગુમાવ્યું છે. પહેલાં ગુજરાત થયું તે હવે દિલ્હીમાં થઈ રહ્યું છે. ગુજરાતમાં કોંગ્રેસે સત્તા ગુમાવી. દિલ્હીમાં પણ ગુમાવી દીધી. અન્ય રાજ્યોમાંથી કોંગ્રેસ નામશેષ થઈ છે કે જ્યાં પહેલાં કોંગ્રેસનો ડંકો વાગતો હતો. ગુજરાતમાં ૨૮ વર્ષનો વનવાસ કોંગ્રેસે પૂર્ણ કર્યો છે. દિલ્હીમાં ચાર વર્ષનો વનવાસ પૂર્ણ થયો છે પરંતુ તે બેવડાઈ જતાં વાર નહીં લાગે, કારણ કે કોંગ્રેસ દેશમાં હવે એકલેહાથે સત્તા પર આવી શકે તેમ નથી. બીજી તરફ કોંગ્રેસની કઠણાઈ એવી છે કે બિન ભાજપી પક્ષોમાં રાહુલ ગાંધી સર્વસ્વિકૃત નેતા નથી. મહાગઠબંધનની વાતો કરતી દેશની વિવિધ પાર્ટીઓમાં ચૂંટણી સમયે જ તડાં બહાર આવે છે. વિપક્ષોના મતમતાંતરો વચ્ચે આજે ભાજપ પ્રેરિત એનડીએ પાસે દેશના ૧૯ રાજ્યોમાં સત્તા છે. હવે વિપક્ષી એકતા ન થઈ તો ફીર એકબાર નરેન્દ્ર મોદી નક્કી છે...

**સચિવાલયમાં એન્ટ્રીપાસ કે આઇકાર્ડ વિના માત્ર એક જ સમુદાય દાખલ થાય છે**

**શરાબના શોખીન છો, તો આ તમારે વાંચવું જ પડે...**

ગુજરાતમાં કેટલીક મહત્વની જગ્યાઓ છે કે જ્યાંથી નજીકમાં વિદેશી શરાબ પીવા જઈ શકાય છે. આ ત્રણ જગ્યાઓ પાડોશી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આવેલી છે. મુખ્યત્વે શામળાજી એવું મથક છે કે જેની બોર્ડર પર રાજસ્થાનનો શરાબ પીવા મળે છે. સાપુતારા એવું મથક છે કે જ્યાં નાસિકનો શરાબ પી શકાય છે. સાપુતારાથી દારૂ પીવાનું અંતર માંડ એક કિલોમીટર છે એટલે કે સાયકલ પર શરાબ પીને પાછા આવી શકાય છે. ત્રીજું મહત્વનું સ્થાન દમણ છે. સુરતવાસીઓનું પ્રિય સ્થળ છે, કારણ કે ત્યાં જઈને શરાબ પી શકાય છે. ગુજરાતની બોર્ડરથી માત્ર ૫૦ કિલોમીટરનું અંતર છે. આ જલસા હવે મોંઘા પડી શકે છે, કારણ કે ગુજરાત પોલીસે હવે બોર્ડર પર નજર દોડાવી છે. હમણાં જ અમદાવાદના કેટલાક યુવાનોએ રાજસ્થાનથી શરાબ પાર્ટીની મોજ માણીને શામળાજી માર્ગે ગુજરાતમાં પ્રવેશ કરી ચિલોડા પાસે આવ્યા ત્યારે પોલીસે તેમને પકડી લીધા હતા. વાહન ચેકિંગ દરમ્યાન આ યુવાનો નશાની હાલતમાં જણાયા હતા. આ કિસ્સા પછી જો તમારે ગુજરાત બહાર દારૂ પીવો હોય તો નશો કરીને ગુજરાતમાં પ્રવેશવું અઘરૂં છે જે જાણી લેજો, કેમ કે ભલે તમારી ગાડીમાંથી પોલીસને શરાબની બોટલ ન મળે, તમારૂં મ્હોં ગંધાય ત્યારે તમે ગુનો કર્યો છે તેવું સાબિત થાય છે.

**બંદરના ખેલ હવે સચિવાલયમાં દેખાય છે...**

બંદરના ખેલ માત્ર દિલ્હીમાં જ નહીં હવે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ જોવા મળે છે. રાજા કરે રાજ અને બંદર કરે તા-રાજ... જૂના અને નવા સચિવાલયમાં ક્યાકેય બંદર દંગલ સર્જાય છે ત્યારે ભલભલા વાહનોને પછાડે છે. કારના બોનેટ અને છત પર જઈને કૂદીને મોટો ખાડો પાડે છે. કર્મચારીઓની શાકભાજી ભરેલી કોથળી હાથમાંથી છીનવીને ઝાડ પર કૂદકા મારે છે. સચિવાલયના આ બંદરો લૂંટારૂં બની રહ્યાં છે. બંદરનો ત્રાસ લોકસભા અને રાજ્યસભામાં પણ ચમકે છે હવે ગુજરાત વિધાનસભામાં પણ બંદરોનો તરખાટ ચમકશે તેવું લાગી રહ્યું છે. આ બંદરોને અટકાવવાનો કોઈ સરકારને અધિકાર નથી પરંતુ તેને નિયંત્રણમાં રાખી શકે છે. હવે તો હદ થાય છે, નવા સચિવાલયના બ્લોકની લોબીમાં બંદર-રાજ જેવો માહોલ ખડકાયો છે. બંદરો વિશ્રામ લેવા માટે સચિવાલયમાં એન્ટ્રીપાસ વિના એન્ટ્રી કરી રહ્યાં છે. પાર્કિંગમાં તેઓ વાહન મસ્તીમાં કર્મચારીઓનું ભારે નુકશાન કરે છે તો બીજી તરફ સચિવાલયમાં માર્ગ રોકીને બેઠાં હોય છે. સચિવાલયમાં ખુલ્લા પાર્કિંગમાં પાર્ક થયેલી સંખ્યાબંધ ગાડીઓના બોનેટ અને છત પર મોટા ગોબા પાડી દીધા છે. બંદરો પોલીસ માટે પણ પડકારરૂપ બની રહ્યાં છે.

**હિન્દુસ્તાનના રાજકીય ઇતિહાસમાં જે ૭૦ વર્ષમાં નથી થયું તે ૧૭ વર્ષમાં થયું છે**